**માળીયા હાટીના જયુ.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ. માળીયા હાટીના**
**ક્રિમી. કેસ નંબર : ૧૬૯૪/૨૦૨૨**

આંક : ૧૧

**ફરિયાદી** : **શ્રી સરકાર...**

**વિ રૂ દ્ધ**

**આરોપી** :
**(૧) ધરમશીભાઈ જેરામભાઈ વઢવાણા**
**રહે. આછીદ્રા પ્લોટ વીસ્તાર**
**(૩) જેન્તીભાઈ જેરામભાઈ વઢવાણા**
**રહે. આછીદ્રા પ્લોટ વીસ્તાર**
**(૪) જગદીશભાઈ ધરમશીભાઈ વઢવાણા**
**રહે. આછીદ્રા પ્લોટ વીસ્તાર**
**(૫) સભાષભાઈ અરવીંદભાઈ ગોહીલ**
**રહે.સુત્રાપાડા**
**(૬) અજયભાઈ મગનભાઈ વાજા**
**રહે.સુત્રાપાડા**

**ગુનો** : જુગાર ધારા– ૧૨ મુજબ.

૧. આરોપી વિરૂધ્ધ જુગાર ધારા– ૧૨ મુજબ. મુજબના ગુનાઓનો આરોપ મુકવામાં આવેલ છે.

૨. સદરહું કામે આરોપી હાજર થયા બાદ તેને સી.આર.પી.સી. કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની વિના મૂલ્યે નકલો આપી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનાની કબુલાત કરી એક અલાયદી કબુલાત પુરસીસ આપેલ, જે કબુલાત પુરસીસ સ્વૈચ્છિક હોવાનું જણાતાં આરોપીને આક્ષેપિત ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૩. વધુમાં આ કામે ઉપરોકત હકીકત ધ્યાને લીધી, કેસ પેપર્સ ધ્યાને લીધા. આરોપીની કબુલાત અને આરોપી તર્ફે થયેલ રજુઆત તથા કબુલાત પુરસીસના કારણો ધ્યાને લેતાં આરોપીનો આ પ્રથમ ગુનો છે, હવે પછી આવો ગુનો નહીં કરવાની ખાત્રી આપે છે, આરોપી ગરીબ વર્ગનો છે તથા ગુનો કર્યાનો તેને પસ્તાવો અને અફસોસ કરે છે અને દયાની અરજ ગુજારેલ છે. વધુમાં, તમામ સંજોગો જોતાં આરોપી ઉપર દયા બતાવી હળવી સજા કરવા ખાસ અને પુરતા ગણી શકાય તેવા સંજોગો છે, તેવું આ કોર્ટનું નમ્રપણે માનવું છે અને તે આધારે આરોપીની કબુલાત તથા દયા અરજ ગ્રાહય રાખી હળવી સજા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તથા

કાયદાનો સજા કરવા પાછળનો સુધારાત્મક (રી–ફોરમેટીવ) હેતુને ધ્યાનમાં રાખી ન્યાયના હિતમાં, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**《 હુ ક મ 》**

- ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે આરોપી ને જુગાર ધારા– ૧૨ મુજબ. મુજબના ગુના માટે દોષિત ઠરાવી રૂા ૩૦૦/– લેખે કુલ રૂા. ૩૦૦×૫ કુલ રૂા. ૧૫૦૦ (અંકે રૂપિયા પંદરસો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે.
- મુદામાલ રોકડ અપીલ સમયબાદ સરકાર જમા કરવી. બાકીના મુદામાલનો નાશ કરવો.તેમજ મોબાઈલ અંગે માલીકી હકકની ખરાઈ કરી મુળ માલીકને પરત સોપવો.

  આરોપીના જામીન ખત રદ્દ ગણવા.
- ઉપરોકત હુકમ આજ તારીખ : ૧૨મી, માહે.જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૨/૧/૨૦૨૩.

સ્થળ : માળીયા હાટીના.

(સ્નેહલ મૃદુલભાઈ શુકલ)
(જજ કોડ નં.જી.જે.૦૧૩૮૩)
જયુડી. મેજી. ફ. ક.
માળીયા હાટીના